सत्यमेव जयते

દાખલ તારીખ : ૧૩/૦૫/૨૦૨૬..
નિકાલ તારીખ : ૧૯/૦૫/૨૦૨૬..
સમય ગાળો: ૦૦ વર્ષ, ૦૦ માસ, ૦૬ દિવસ.

**તાપી જિલ્લાના સત્ર ન્યાયાધીશશ્રીની અદાલત સમક્ષ મુ.વ્યારા**

ફોજદારી પરચુરણ અરજી નં.૧૯૧/૨૦૨૬..
આંક :: .

**મુદસ્શમાબી સલમાનખાન પઠાણ,**
ઉ.આ.વ.૩૨, ધંધો–વેપાર
રહે.૬૦૪, સિલ્વરલેક સોસાયટી,
ગાયત્રી મંદિરની પાછળ તા.વ્યારા, જિ.તાપી.
**(હાલ : જ્યુડી. કસ્ટડીમાં) :: અરજદાર.**

**વિરૂધ્ધ**

**શ્રી ગુજરાત રાજય,**
થ્રુ : જીલ્લા સરકારી વકીલશ્રી,
તાપી મુ.વ્યારા. **:: સામાવાળા.**

**બી.એન.એસ.એસ.–૨૦૨૩ની કલમ–૪૮૩ મુજબ વચગાળાની જામીન અરજી.**

અરજદાર તરફે વિ.વ. શ્રી જી.ડી.ઢીમ્મર
સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી આર.બી.ચૌહાણ

–:: **ચુકાદો** ::–

(૧) આ કામના અરજદારની અરજીની ટૂંકમા હકીકત એવી છે કે, અરજદાર વ્યારા પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૮૨૪૦૦૧૨૫૨૪૬૪

/૨૦૨૫ થી બી.એન.એસ.ની કલમ–૩૧૯(૨),૩૧૮(૪), ૩૩૬ (૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૩૧૭(૨),૬૧(૨)(એ), ૩(૫) તથા ધી ઈન્ફોરમેશન ટેકનોલોજી એકટ–૨૦૦૮ની કલમ ૬૬ડી મુજબનાં જયુડિશિયલ કસ્ટડીમાં છે. તેમજ સદર ગુનાના કામે અરજદાર /આરોપી નં.ર એ અત્રેની નામ.કોર્ટ સમક્ષ જામીન અરજી નં. ૪૨૯/૨૦૨૫ થી દાખલ કરેલી જે નામંજુર કરવામાં આવેલ છે. તેમજ વચગાળાના જામીન મેળવવા માટે ફો.પ.અ.નં. ૭/૨૦૨૬ થી દાખલ કરેલ જે પણ નામંજુર કરવામાં આવેલ. ત્યારબાદ આ ગુનાના કામે સદર કેસમાં ચાર્જશીટ તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ નામ.કોર્ટમાં દાખલ કરી દેવામાં આવેલ છે. ચાર્જશીટના ગ્રાઉન્ડપર ફો.પ.અ.નં.૧ ૦૪/૨૦૨૬ થી અરજી દાખલ કરેલ જે અત્રેની અદાલત ધ્વારા નામંજુર કરવામાં આવે હતી. ત્યારબાદ અરજદાર/આરોપી હાલની અરજી દિન–૨૧ ના વચગાળાના જામીન મેળવવા માટેની અરજી દાખલ કરી રજુઆત કરેલ છે કે, આ કામે અરજદાર/આરોપી નં. ૨ ને ડિપ્રેશન, ચિં તા, ભુલકોડપણું, આત્મહતાંશી વિચારો, ભ્રમ, જિદ્દ, આક્રમકતા જેવી બિમારીઓ પણ છે અને જેથી હમો અરજદાર/આરોપીનાએ મગજના ડોકટરને બતાવેલુ છે. તેમજ સદર આરોપીને તા.૨/૧/૨૦૨૬ ના રોજ જયારે વ્યારા સબ જેલમાં હતા ત્યારે પણ તકલીફ પડતાં રાત્રીના ૦૯.૦૦ વાગ્યે સુરત સીવીલ હોસ્પીટલમાં લઈ ગયેલા હતા અને બાદમાં લાજપોર જેલ શીફ્ટ કર્યા ત્યાંથી પણ સુરત સિવિલ હોસ્પીટલ લઈ જવા પડેલ હતા જે મુજબના પેપર્સ ધ્યાને લેતા, ડીપ્રેશન અને એંકઝાઈટીની બો તકલીફો પડતો હોય સારા ડોકટરને બતાવીને સારવાર કરાવવાની હોય, વધુ સારવાર માટે મુંબઈ હિન્દુજા

હોસ્પીટલમાં એપોઈમેન્ટ લઈ સારવાર કરાવવા માટે તેઓને દિન–૨૧ ના વચગાળા નાં જામીન ઉપર મુકત થવા માટે અરજદારે હાલની જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) સદરહું અરજી દાખલ થતા સરકારશ્રીને નોટીસ કાઢવામાં આવેલ અને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી આર.બી.ચૌહાણ હાજર થયેલ અને વિ.એ.પી.પી.શ્રીએ તપાસ કરનાર અમલદારશ્રીનાઓનુ આંક–૦૫ થી સોગંદનામુ રજુ કરેલ છે અને પોલીસ તપાસના દસ્તાવેજો કોર્ટના અવલોકનાર્થે રજુ કરીને વચગાળાના જામીન અરજીનો વિરોધ કરેલ છે.

(૩) હાલની અરજી અંગે અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીની રજુઆત છે કે,અરજદાર/આરોપી નં.૨ને ડિપ્રેશન, ચિંતા, ભુલકોડપણું, આત્મહતાંશી વિચારો, ભ્રમ, જિદ્દ, આક્રમકતા જેવી બિમારીઓ પણ છે અને જેથી હમો અરજદાર/આરોપી નાએ મગજના ડોકટરને બતાવેલુ છે. તેમજ સદર આરોપીને તા.૨/૧/૨૦૨૬ ના રોજ જયારે વ્યારા સબ જેલમાં હતા ત્યારે પણ તકલીફ પડતાં રાત્રીના ૦૯.૦૦ વાગ્યે સુરત સીવીલ હોસ્પીટલમાં લઈ ગયેલા હતા જે મુજબના પેપર્સ ધ્યાને લેતા, ડીપ્રેશન અને એંકઝાઈટી ની બો તકલીફો પડતી હોય સારા ડોકટરને બતાવીને સારવાર કરાવવાની છે અને હાલના અરજદાર/આરોપીનાઓ અરજીમાં જણાવેલ સરનામાના રહીશ છે. અરજદાર/આરોપી તરફે ફરીયાદપક્ષના અન્ય કોઈ પુરાવાને ફોડવાનો પણ લેમમાત્ર પ્રયાસ કરીશુ નહી એની પણ ખાતરી આપીએ છીએ.

જેથી અરજદારને યોગ્ય શરતોને આધિન વચગાળાના જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સરકારી વકીલશ્રીની મુખ્યત્વે રજુઆત છે કે, આ કામે આરોપી વિરુધ્ધમાં પ્રથમદર્શનીય ગુનો છે.હાલના અરજદાર/આરોપીની પ્રથમથી જ સક્રિય ભુમીકા ભજવેલ છે. તેમજ આ કામના અરજદાર/આરોપીનાઓને કસ્ટડી દરમ્યાન સીવીલ હોસ્પીટલ માં સારવાર લીધેલ હોવાનુ પણ જણાય આવેલ છે. જેથી અરજદાર/આરોપીનાઓએ આચરેલ ગંભીર ગુનાને ધ્યાને લઈ, વચગાળાના જામીન મેળવવા માટેની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) અત્રેથી એવી બાબત સૌપ્રથમ ઉલ્લેખનીય છે કે, અરજદાર /આરોપી નં.૨ એ અત્રેની નામ.કોર્ટ સમક્ષ જામીન અરજી નં. ૪૨૯/ ૨૦૨૫ થી દાખલ કરેલી જે નામંજુર કરવામાં આવેલ છે. તેમજ વચગાળાના જામીન મેળવવા માટે ફો.પ.અ.નં. ૭/૨૦૨૬ થી દાખલ કરેલ, જે પણ નામંજુર કરવામાં આવેલ. હાલના અરજદારની ચાર્જશીટ દાખલ થયા બાદની રેગ્યુલર જામીન અરજી નં.૧૦૪/૨૦૨૬થી અત્રે ની અદાલત ધ્વારા નામંજુર કરવામાં આવેલ હતી.

(૬) સમગ્ર રજુઆતો તથા પોલીસ તપાસના કાગળો વંચાણે લેતા, આંક–૬ થી અરજદાર તરફે રજુ અઝીઝુનીશા એઝાઝુદીન શેખનુ સોગંદનામુ વંચાણે લીધુ, આંક–૮ થી જેલર તરફથી રજુ અરજદારનો સારવાર સંબંધેના રજુ કાગળો વંચાણે લીધા.

ઉપરોકત રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, અરજદારને માનસીક રોગના નિષ્ણાંતની સારવાર માટે જરૂરીયાત હોવાનુ અને તેઓને સુરત ન્યુ સીવીલ હોસ્પીટલ એન્ડ ગર્વમેન્ટ કોલેજના સાયક્રિયાટીક વિભાગમાં રીફર કરવામાં આવેલા, અને ત્યાં તેઓને સારવાર પણ આપવામાં આવેલી. આમ, અરજદારને તેઓની બિમારીના જે પ્રકારના સારવારની જરૂરીયાત છે, તેવી સારવાર સુરત નવી સીવીલ હોસ્પીટલ ખાતે ઉપલબ્ધ હોવાનુ આ કામે સ્પષ્ટ બને છે. **નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષ ની ફોજદારી અપીલ નં. ૬૮૬/૨૦૨૦, ચુકાદા તા.૧૫/૧૦/૨૦૨૦ સ્ટેટ ઓફ યુ.પી. વિરૂધ્ધ ગાયત્રી પ્રસાદ પ્રજાપતિનાં ચુકાદામાં પ્રતિપાદીત કરવામાં સિધ્ધાંતો મુજબ પણ અરજદાર/આરોપીની બિમારીની સારવાર જયાં દાખલ છે ત્યાં ઉપલબ્ધ હોય તો, તેઓને તેવી સારવાર માટે વચગાળાનાં જામીન ઉપર મુકત કરી શકાય નહીં. આ કામે પણ નવી સીવીલ હોસ્પીટલ સુરતમાં કે જયાં અરજદાર/આરોપીની હાલમાં સારવાર ચાલુ છે આમ, અરજદારની બીમારી અંગેની સારવાર નવી સીવીલ હોસ્પીટલ સુરત ખાતે ઉપલબ્ધ છે તેવું અરજદાર તરફે રજુ સારવારના કાગળો થી તથા જેલરશ્રી તરફથી રજુ કરવામાં આવેલ રીપોર્ટથી સ્પષ્ટ બને છે. આવા સંજોગો માં હાલનાં અરજદાર/આરોપી ને વચગાળા નાં જામીન ઉપર મુકત કરવા ન્યાયોચીત જણાઈ આવતુ નથી.**

(૭) અરજદાર તરફે ૨૦૨૩ સુપ્રિમ (એસસી) ૫૬૯ **સત્યેન્દ્રકુમાર જૈન વિ. ડાયરેકટોરેટ ઓફ ઈન્ફોર્સમેન્ટ** તથા ૨૦૨૩ સુપ્રિમ (ઓનલાઈન) એસસી ૯૦૮૪ **દિનેશશર્મા વિરુધ્ધ સી.બી.આઈ.** ના

ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે. આ ચુકાદાઓ સંપુર્ણપણે વંચાણે લીધા. આ ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ચોકકસ મેડીકલ ઈન્સ્ટીટયુટના રીપોર્ટના આધારે મેડીકલ ગ્રાઉન્ડ ઉપર વચગાળાના જામીન મંજુર રાખેલ હતા. આ કામે અરજદારને કોઈ ચોકકસ પ્રકારના સારવારની જરૂર છે, અને તેવી સારવાર સીવીલ હોસ્પીટલ ખાતે ઉપલબ્ધ નથી, તેવી કોઈ હકીકત આ કામે રજુ થતી નથી. આ ઉપરાંત નામદાર સર્વોચ્ચ અદાલતે એડવર્સ મેડીકલ કન્ડીશન ને ધ્યાને લઈને જામીન મંજુર રાખેલ હતા. આ કામે અરજદાર ની જામીન અરજી ચાર્જશીટ દાખલ થયા બાદ ગુણદોષ ઉપર નામંજુર થયેલ છે, અને ત્યારબાદ અરજદારની માંદગી આધારીત વચગાળાના જામીન મેળવવાની બીજી અરજી રજુ કરવામાં આવેલ છે. પરંતુ અરજદારની બીમારીએ એક ડીપ્રેશનના માનસીક રોગ છે અને તેની સારવાર જેલમાંથી આપવામાં આવી રહેલ છે આવા સંજોગોમાં ઉપરોકત બન્ને ચુકાદાઓ આ કામે અરજદારને મદદકર્તા હોવાનુ જણાય આવતુ નથી.

(૮) અરજદારે રજુ કરેલ માંદગીના પ્રમાણપત્રો જોતા, તેમાં અરજદારને સુસાઈડલ થ્રોટસ યાને આત્માહત્યાના વિચારો આવતા હોવાનુ તથા હેલીઝયુનેશન યાને કે ભ્રમણા સબંધેના તથા ઘરના વ્યકિતઓ સાથે ઝઘડા કરવા સબંધેના માનસીક રોગ હોવાનુ જણાય આવે છે. આ ઉપરાંત અરજદારને રાત્રિના ઉંઘમાં ચાલવાની બીમારી હોવાનુ પણ જણાય આવે છે. આવા સંજોગોમાં અરજદારને વચગાળા ના જામની ઉપર મુકત કરવામાં આવે તો અરજદાર પોતાના

જીવને જોખમમાં મુકે તેવી શકયતા નકારી શકાય તેમ નથી અને આવી શકયતાને જોતા અરજદાર તેણી બીમારીના કારણે જેલમાં વધુ સુરક્ષિત રહેશે તેવુ સ્પષ્ટ બનતુ હોય, હાલની અરજદારની માંદગી સંબંધેની વચગાળાના જામીન ઉપર મુકત કરવા સંબંધેની અરજી મંજુર રાખવા પાત્ર જણાય આવતી નથી.

(૯) આ કામે અરજદારે રજુ કરેલા મેડીકલ પેપર્સને જોતા, અરજદાર મુંબઈ હિન્દુજા હોસ્પીટલમાં જે સારવાર બાબતેની હકીકત જણાવેલ છે,તે સંબંધે રજુ કાગળો જોતા અરજદારે-૨૦૧૮ના વર્ષમાંત્યાં સારવાર લીધેલ હતી તેમ જણાય આવે છે. ત્યારબાદ હિન્દુજા હોસ્પીટલ માં સારવાર લીધી હોય તેમ જણાય આવેલ નથી. વધુમાં આ કામે અરજદારને જે રોગ છે તે માનસીક રોગ છે અને તે માટેની સારવાર નવી સીવીલ હોસ્પીટલ સુરત ખાતે ઉપલબ્ધ છે. જયારે જરૂર ઉપસ્થિત થાય છે ત્યારે અરજદારને સુરત જેલ થી સુરત સીવીલ હોસ્પીટલમાં લઈ જવામાં આવે છે,અને સારવાર અપાવવામાં આવે છે. તેવી હકીકતને ધ્યાને લેતા, અરજદારને માંદગીના કારણસર વચગાળાના જામીન આપવા ન્યાયોચીત જણાય આવતુ નથી.

(૧૦) આ કામે તપાસના કાગળો ધ્યાને લેતા, આ કામે આરોપીઓ પાસે ૪૫ ડેબીટ કાર્ડ, નંગ-૨૨ ચેકબુકો, નંગ-૩૫ પાસબુક મળી આવેલ છે. આરોપી નં.૧ સલમાનખાન નાઓ એકાઉન્ટોના પોતાની રીતે યુઝરનેમ અને પાસવર્ડ બનાવી દુબઈ ખાતે વોન્ટેટ આરોપી નં.૪ મુસા રહે.આર.ટી.નગર બેગ્લોર નાઓને એકાઉન્ટ પહોચાડી તે એકાન્ટ માં ફ્રોડના પૈસા ટ્રાન્સફર કરાવતા હતા તેવી હકીકત સ્પષ્ટ થવા પામેલ

છે. તેમજ આ કામે એકાઉન્ટમાં ફ્રોડના પૈસા ટ્રાન્સફર થતા અરજદાર / આરોપી નં.ર મુદસ્શમાબી સલમાનખાન નાઓ તાત્કાલીક પૈસા વિડ્રો કરી, અરજદાર/આરોપી નં.૧ તથા આરોપી નં.ર નાઓને આપતા તેઓ પૈસાની યુએસડીટી ખરીદ કરી વોન્ટેડ આરોપી નં.૪ નાઓને મોકલી આપતા હતા. અરજદારની આવી ગંભીર ગુનાહિત ભુમિકાને જોતા, હાલના અરજદારને વચગાળાના જામીન ઉપર મુકત કરવુ ન્યાયોચીત જણાય આવતુ નથી.

**(૧૧)** હાલના અરજદાર/આરોપી આંતરરાષ્ટીય નાણાંકીય હેરફેરની પ્રવૃત્તી માં સંડોવયેલ છે. જે જોતા તેઓને વિદેશમાં રહી ગેરકાયદેસર પ્રવૃત્તિ આચરનારાઓ સાથે સીધા સંપર્કમાં હોય, જો હાલના અરજદાર /આરોપીઓને વચગાળાના જામીન મુકિતનો લાભ આપવામાં આવે તો તેઓ તેનો ગેરલાભ ઉઠાવી નાશી ભાગી જાય અને આગળની તપાસને નિરર્થક બનાવે તેવી તમામ શકયતાઓ રહેલી હોય, હાલના ચાલુ તપાસના તબકકે વચગાળાના જામીન મુકિતનો લાભ આપવો ન્યાયોચિત જણાય આવતુ નથી. આમ, બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ હેઠળની વિવેકાધિનસત્તાનો ઉપયોગ આરોપીની તરફેણમાં કરવો આ અદાલતને ન્યાયોચિત જણાતુ ન હોય આખરી હુકમ નીચે મુજબ કરૂ છું.

-:: **<u>હુકમ</u>** ::-

અરજદાર/આરોપી **મુદસ્શમાબી સલમાનખાન પઠાણ,** ઉ.આ.વ.૩ર, ધંધો-વેપાર, રહે.૬૦૪, સિલ્વરલેક સોસાયટી, ગાયત્રી મંદિરની પાછળ તા.વ્યારા, જિ.તાપી. (હાલ : જયુડી.

કસ્ટડીમાં) નાઓની વ્યારા પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧ ૮૨૪૦૦ ૧૨૫૨૪૬૪/૨૦૨૫ થી બી.એન.એસ.ની કલમ–૩૧૯(૨), ૩૧૮(૪), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦ (૨), ૩૧૭(૨), ૬૧ (૨)(એ), ૩(૫) તથા ધી ઈન્ફોરમેશન ટેકનોલોજી એકટ–૨૦૦૮ ની કલમ ૬૬ડી મુજબના ગુના કામે **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા –૨૦૨૩ ની કલમ– ૪૮૩** અન્વયેની હાલની વચગાળાની જામીન અરજી આથી ''**નામંજુર**'' (રદ) કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૯મી માહે મે, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તાપી મુ.વ્યારા.
તા.૧૯/૦૫/૨૦૨૬..

કે.એલ.પટેલ.

(**તેજસ આર. દેસાઈ**)
સેશન્સ જજ
કોડ નં.જીજે ૦૦૫૯૩,
તાપી મુ.વ્યારા.